1. કુદરતી સંસાધનો કોને કહેવાય?

- કુદરતમાંથી મળતો, મનુષ્ય સર્જીત ન હોય એવા પણ જેનો મનુષ્યો પોતાનું અસ્તિત્વ ટકાવવા અને વિકાસ માટે ઉપયોગ કરે છે. તેને કુદરતી સંસાધનો કહે છે. દા.ત. પાણી, સુર્યપ્રકાશ, વનસ્પતિ, જીવજંતુઓ, પશુપક્ષીઓ, ખનીજો વગેરે.

2. પુનઃપ્રાપ્ય સંસાધનો એટલે શું ?

- પુનઃપ્રાપ્ય સંસાધનો એટલે જે સંસાધનોનો અનેકવાર ઉપયોગ કરી શકાય તેવાં સંસાધનો. દા.ત. પવન, સૂર્યપ્રકાશ વગેરે.

3. પુનઃઅપ્રાપ્ય સંસાધનો એટલે શું?

- પુનઃઅપ્રાપ્ય સંસાધનો એટલે જેનો એકવાર ઉપયોગ કર્યા પછી તેને સ્વરૂપ બદલાય છે. જેથી તે જ સ્વરૂપે તેનો ફરીથી ઉપયોગ થઈ શકતો નથી. દા.ત. કોલસો, ખનીજતેલ વગેરે.

4. જૈવિક અને અજૈવિક કુદરતી સંસાધનોનાં ઉદાહરણો આપો.

- જૈવિક કુદરતી સંસાધનોમાં વનસ્પતિ, પ્રાણીઓ, વનસ્પતિજન્ય અને પ્રાણીજન્ય પદાર્થોનો સમાવેશ થાય છે. અજૈવિક કુદરતી સંસાધનોમાં હવા, પાણી, સૂર્યપ્રકાશ, રેતી વગેરેનો સમાવેશ થાય છે.